GJAH220604962019

કેસ દાખલ તારીખઃ૨૫/૦૬/૨૦૧૯
રજી.થયા તારીખઃ૨૫/૦૬/૨૦૧૯
ફેસલ કર્યા તારીખઃ૨૫/૦૬/૨૦૧૯
સમય ગાળોઃવર્ષ.૦૦.માસ.૦૦.દિવસ.૦૧..

અમદાવાદના મહે.એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની
કોર્ટ નંબરઃ૨૩ માં.,મુ.અમદાવાદ

ક્રિ.કે.નંબરઃ ૫૫૯૭૫/૨૦૧૯.
<u>આંકઃ</u>

ફરીયાદીઃ- શ્રી સરકાર.

**વિરૂધ્ધ.**

આરોપીઃ- સમસાદભાઈ સલીમભાઈ પઠાણ
રહેવાસીઃ- મસ્તાનબાવાની દરગાહી, દરગાહ સામે,
સરખેજ, અમદાવાદ.

---

ફરીયાદ પક્ષે એ.પી.પી.શ્રી એ.કે.રાઠોડ
આરોપી તરફે જાતે.

---

ગુનોઃ- ઈ.પી.કોડની કલમઃ૨૮૩ મુજબ.

---

## જ જ મે ન્ટ

---

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તારીખઃ૧૨/૪/૨૦૧૯ ના કલાકઃ૧૨–૩૦ વાગે ઝાંસીની રાણીના પુતળા સામે બીમાનગર એલ.આઈ.સી. ગ્રાઊન્ડ વાળા કોર્નરની ફુટપાથ ઉપર જાહેર રોડ ઉપર ડુપ્લીકેટ ચાવી બનાવવાન પેટી ધરાવી વેપાર ધંધો કરી આવતા જતા રાહદારીઓ તેમજ ટ્રાફીકને અડચણરૂપ બની અકસ્માત થવાનો ભય ઉભો કરી મળી આવી ગુનો કરેલ હોવા બાબતની ફરીયાદ ફરીયાદીએ દાખલ કરતા ફરીયાદના આધારે તપાસનીસ અધિકારીશ્રીએ કાયદેસરની તપાસ કરતા આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરવામાં આવેલ છે.

(૨) આ કામના આરોપીને ચાર્જશીટ સાથે રજુ કરતા, આરોપીને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્વૈચ્છીક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ દ્વારા ગુના કબુલાત પુરસીસ આંકઃ૦૨, થી રજુ કરેલ છે અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલ ગુના માટે પ્લી/નિવેદન આંકઃ૩ થી લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

(૩) સજા બાબતે આરોપીને સાંભળતા, આરોપી આ તેમનો પ્રથમ ગુનો છે તેમ જણાવે છે અને દયા બદલ પસ્તાવો થાય છે અને તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો ફરીથી નહિ કરવા ખાત્રી આપે છે અને દયા કરવા જણાવે છે.એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

(૪) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂદ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતા તેમજ આરોપીની રજુઆત તેની સામાજીક અને આર્થિક સ્થિતી અને જે સંજોગોમાં ગુનો બનવા પામેલ છે તે તમામ હકીકતને ધ્યાને લેતાં આરોપીને ઓછામાં ઓછી સજા કરવા માટેનો યોગ્ય કેસ

હોવાનું જણાય છે અને આ બાબતે નામદાર ગુજરાત વડી અદાલતનો નટવર હરચંદ વિ. સ્ટેટ ઓફ ગુજરાતનો ચુકાદો કે જે જી.એલ.આર. ૨૦૦૫ ઉપર પ્રકાશીત થયેલ છે તે ધ્યાને લેતાં આરોપીને આવા કીસ્સામાં ન્યુનતમ સજા કરતાં પણ ઓછી સજા કરી શકાય તેમ હોઈ આરોપીની કબુલાતને ધ્યાને લઈને આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ ૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવુ છુ.

## –ઃ હુકમ ઃ–

આ કામના આરોપી સમસાદભાઈ સલીમભાઈ પઠાણને ક્રિ.પ્રો.કોડની કલમ–૨૫૨ હેઠળ ઈ.પી.કોડની કલમઃ૨૮૩ મુજબના ગુના માટે તકસીરવાર ઠરાવી રૂપીયા ૨,૦૦/– (અંકે રૂપીયા બસો) પુરા દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે જો આરોપી દંડની રકમ ભરવામાં કસુર કરે તો દિન–૦૨ (બે) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ તારીખઃ૨૫મી માહે જુન સને ૨૦૧૯ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

સ્થળ–અમદાવાદ
તા.૨૫/૦૬/૨૦૧૯

**ઈ.ચા.** એડી.ચીફ.મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નંબરઃ૨૩.અમદાવાદ

આર.કે.સોનારા.